એક આસામીના રૂા.૬૩,૧૭૬ પડાવાયા હતા:

સરળ લોનની લાલચ બતાવી છેતરપિંડી આચરનાર ટોળકીના પાંચની થઈ ધરપકડ

જામનગર તા. ૩૦: દેવભૂમિ દ્વારકાના એક આસામીને ઓછો સીબીલ સ્કોર હોવા છતાં લાખોની લોન અપાવી દેવાની લાલચ બતાવી રૂા.૬૩,૧૭૬ની રકમ પડાવાઈ હતી. તેની ફરિયાદમાં સાયબર ક્રાઈમ પોલીસે જામનગરના એક, ખંભાળિયાના એક અને અમદાવાદના ત્રણને રૂા.૯૩૫૦૦ના મુદ્દામાલ સાથે પકડી લીધા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક આસામીને સોશિયલ મીડિયા પર આસાનીથી લોન અપાવવાની જાહેરાત જોવા મળી હતી. તેઓએ આકર્ષાઈ જઈને સંપર્ક કરતા તેઓનો સીબીલ સ્કોર ઓછો હોવા છતાં રૂા.૧૦થી રૂા.૨૦ લાખની લોન અપાવી દેવાની લાલચ બતાવી રૂા.૬૩ હજાર મેળવી લઈ છેતરપિંડી કરાઈ હતી.

આ બાબતની દ્વારકા સાયબર ક્રાઈમ પોલીસસ્ટેશનમાં ફરિયાદ થયા પછી પીઆઈ વી.કે. કોઠીયાના વડપણ હેઠળ તપાસ આરંભાઈ હતી. જેમાં પોલીસ અમદાવાદના કુલદીપ સંદીપ વશી ઉર્ફે કુણાલ, જામનગરના રવિ રાજેન્દ્ર વ્યાસ, અમદાવાદના ઓઢવના જીતેન્દ્ર રણસીંગ રાજપુરોહિત, ધવલ કિશોર વ્યાસ, ખંભાળિયાના આશિષ કાંતિભાઈ કછેટીયા સુધી પહોંચી ગઈ હતી. આ તમામ પાંચની સાયબર ક્રાઈમે ધરપકડ કરી આઠ મોબાઈલ સહિત રૂા.૯૩૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઉપરોક્ત આરોપીમાંથી કુલદીપ ઉર્ફે કુણાલ તથા રવિ વ્યાસ સામે અગાઉ પણ ગુન્હો નોંધાયેલો હોવાનું બહાર આવ્યું છે.

અન્ય બે આરોપીના સગડ દબાવાયા:

શિરેશ્વર લોકમેળામાં યુવાનને લૂંટી લેનાર ટોળકીના સાત શખ્સની કરી લેવાઈ અટક

ખંભાળિયા તા. ૩૦: ખંભાળિયાના શિરેશ્વર લોકમેળામાં એક યુવાનને ઘેરી લઈ નવ શખ્સે ઢીકાપાટુથી માર મારી મોઢે મુંગો દઈ રોકડ તથા મોબાઈલ મળી રૂા.૧૨૮૬૦ની લૂંટ કરી હતી. પોલીસે આ ટોળકીના સાતની મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે અને બેના સગડ દબાવ્યા છે.

ખંભાળિયામાં યોજાતા પ્રખ્યાત શિરેશ્વર લોકમેળામાં મૂળ બિહારના અને હાલમાં અમદાવાદમાં રહેતા અરબાલ મોજીઉ રહેમાન શેખ નામના યુવાન એક સ્થળે કુદરતી હાજત માટે ગયા ત્યારે અચાનક ત્યાં ઘસી આવેલા નવ શખ્સે આ યુવાનને ઘેરી લઈ મ્હોં પર મુંગો દઈ મારી નાખવાની ધમકી આપી તેના ખિસ્સામાંથી રૂા.૭૬૬૦ રોકડા અને પાંચ હજારનો મોબાઈલ ઝૂંટવ્યા હતા.

ત્યારપછી ઢીકાપાટુથી ધોકાવી નાખી આ યુવાનને પડતો મૂકીને આરોપીઓ નાસી ગયા હતા. આ યુવાને બૂમો પાડતા એકત્ર થયેલા ટોળાએ ભાગી રહેલા શખ્સોમાંથી એકને દબોચી લીધો હતો. બનાવની જાણ થતાં ઘસી ગયેલી પોલીસ ટીમને આ શખ્સનો કબજો સોંપાયો હતો. પોલીસે તેની શરૂ કરેલી આખરી પૂછપરછમાં વિશાલ સીદુભા માયાણી, કિશન કાનજી બગડા, સચિન કરમણ ચોપડા, મુસ્તુફા અલી બ્લોચ, સુજલ જયંતિલાલ મહિડા, ભાવેશ કરમણ ચાસીયા, રણા રાજા ચોપડા નામના સાત શખ્સની વારાફરતી અટકાયત કરી લેવાઈ છે. અન્ય આરોપી મુસ્તાક બુખારી તથા ફૈઝાન ડાડાની શોધખોળ કરાઈ રહી છે.

બંને પક્ષની ફરિયાદ પરથી સાત સામે ગુન્હો નોંધાયો:

શ્વાન તગેડવાની બાબતે દિગ્વિજય પ્લોટ ૫૮માં બે પાડોશી જૂથ વચ્ચે બોલી બઘડાટી

જામનગર તા. ૩૦: જામનગરના દિગ્વિજય પ્લોટમાં શ્વાન તગેડવાની બાબતે બે પાડોશી જૂથ વચ્ચે મારામારી થઈ હતી. બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવી છે. પોલીસે એક મહિલા સહિત સાત સામે પણ ગુન્હો નોંધ્યો છે.

જામનગરના દિગ્વિજય પ્લોટની શેરી નં.૫૮માં કાનાનગરની શેરી નં.૧માં રહેતા હીનાબેન શંકરલાલ જોશી નામના મહિલા મંગળવારે સાંજે પોતાની શેરીમાં બેઠા હતા ત્યારે તેમના પાળીતા શ્વાનને અશોક દિનેશભાઈ ભાનુશાળી હેરાન કરતો હતો તેને તેમ કરવાની ના પાડતા અશોકે ગાળો ભાંડ્યા પછી ફોન કરીને બોલાવતા રાજા દિનેશભાઈ, અમિત ભાનુશાળી, શૈલેષ કાંતિલાલ ભાનુશાળી આવી ગયા હતા.

આ વ્યક્તિઓએ ગાળો બોલવાનું શરૂ કરતા મહેકે પોતાના મામા દીપક તથા જયેશભાઈને બોલાવતા તેમના પર ધોકાથી હુમલો કરાયો હતો. હીનાબેન તથા મહેક વચ્ચે પડતા અમિતે ફડાકા ઝીંક્યા હતા અને ઢીકાપાટુથી માર માર્યો હતો.

ઉપરોક્ત ફરિયાદની સામે અશોક દિનેશભાઈ દામાએ વળતી ફરિયાદ નોંધાવી તેમાં જણાવ્યું છે કે, હીનાબેન પોતાના પાળતુ શ્વાનથી અશોકની પુત્રીને ડરાવતા હોય, અશોકભાઈ તેને તગેડવા જતાં હીનાબેનો તેઓને ધક્કો મારી પછાડ્યા પછી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી અને દીપક તથા જયેશે ગાળો ભાંડી ઢીકાપાટુથી માર માર્યો હતો તેમજ દીપકે શ્વાનને તગડતા નહી તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસે બંને ફરિયાદ પરથી એક મહિલા સહિત સાત સામે ગુન્હો નોંધ્યો છે.

મામલતદાર કચેરી, કલ્યાણપુર
નં. મેજી.જન્મ-મરણ રજિ.૪૯/૨૦૨૪

શ્રી બકુલભાઈ મગનલાલ વાયા,
રહે. રે. જસોદા ફળી, ગુગડી ચોક, ખંભાળીયા
તા.ખંભાળીયા, જિ. દેવભૂમિ દ્વારકા .....વાદી
::વિરૂદ્ધ::
રજીસ્ટ્રાર શ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમમંત્રી શ્રી, ધતુરીયા
તા. કલ્યાણપુર ... પ્રતિવાદી

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેમના બહેન દક્ષાબેન મગનલાલ વાયાનું તા. ૧૩-૦૬-૧૯૭૫ના રોજ કલ્યાણપુર તાલુકાના ધતુરીયા મુકામે જન્મ થયેલ હોય, જે તે સ્થળનાં જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં જન્મની નોંધ કરી આપવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અંગે કોઈને વાંધો, તકરાર કે કોઈ રજુઆત કરવાની હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન દ્વારકા સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં વાંધો તકરાર રજુ કરશો. જો કોઈ વાંધો કે તકરાર રજુ ન થાય તો આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા. ૨૧મી ઓગષ્ટ-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કા કરીને આપ્યું.

સહિ/-
મામલતદાર
કલ્યાણપુર

ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ અંગેની જાહેર નોટીસ

મોજે - વેરાવળ અને નંદાણા, તાલુકો - જામજોધપુર, જીલ્લો - જામનગર

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે,
અમારા અસીલ નીચેના પરિશિષ્ટમાં દર્શાવિત મોજે-વેરાવળ અને નંદાણા, તાલુકો-જામજોધપુર, જીલ્લો-જામનગર ખાતે આવેલ જમીનો તેના માલિકો પાસેથી ટીઝરી મેળવવા માંગે છે. આથી તે જમીનો અંગેના ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટોની અમો પાસેથી માંગણી કરેલ છે.
જેથી આ નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, નીચેના પરિશિષ્ટમાં વર્ણનવાળી જમીનો સંબંધે કે ટાઈટલ સંબંધે કોઈ વ્યક્તિ, પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે વારસદારો, સરકારી કે અર્ધસરકારી કચેરી વિગેરેનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ કે સંબંધ કે વારસાઈ હક્ક, વેચાણ, બોજો, ગીરો કે કોઈપણ જાતની જવાબદારી કે હક્ક, અધિકાર સદરહુ જમીનો પરત્વે હોય, તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ (સાત)માં અમારા નીચેના સરનામે લખાણ પુરાવા સાથે રૂબરૂ રજુઆત કરવી.
ઉક્ત દર્શાવિત મુદત વિતે કોઈની તર-તકરાર, વાંધા-વિરોધ નથી અને જો હોય તો તે જતા કરેલ (WAIVE) છે, તેમ માની ટાઈટલ ક્લીયર સર્ટી. અમો દ્વારા ઈસ્યુ કરવામાં આવશે તથા અમારા અસીલ સદર જમીનોના ટીઝ અંગેના વ્યવહારો પૂર્ણ કરશે અને ઉક્ત મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુદ્ધબુદ્ધિના લખાવી લેનાર તરીકે બંધનકર્તા રહેશે નહીં, જેની સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.

પરિશિષ્ટ

ક્રમ	ગામ	નવો સર્વે/બ્લોક નંબર	જૂનો સર્વે/બ્લોક નંબર	હે.આરે. ચો.મી.	માલિકનું નામ
૧	વેરાવળ	૧૭૯	૮૮/પૈકી ૨	૧-૧૬-૩૫	ફકીરભાઈ ઓસમાણભાઈ રાવકરડા
૨	નંદાણા	૭૮	૨૨	૮-૧૮-૬૨	(૧) ભીમાભાઈ સોમાતભાઈ કંડોરીયા (૨) હરદાસભાઈ સોમાતભાઈ કંડોરીયા (૩) હમીરભાઈ સોમાતભાઈ કંડોરીયા

તારીખ: ૩૦-૦૮-૨૦૨૫
Saket U. Gandhi, Advocate
Gandhi Law Associates, Advocates and Solicitors,
Tower-A, 15th Floor, 1504 to 1506, Navratna Corporate Park, Iscon Ambli Road, Nr. Ashok Vatika, Ambli, Ahmedabad-380058

સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ)
10,67,500
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)
95,000
૧૮-કેરેટ દાગીના (૧૦ ગ્રામ)
80,100
ચાંદી-૯૯૯ (૧ કીલો)
1,23,000

માત્ર નોટીસો આપવામાં આવે છે... નોટીસોની સમય મર્યાદા પૂરી થવા છતાં કોઈ પગલાં નહીં...!

'વેસ્ટ ટુ એનર્જી' કંપની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં જામનગર મહાનગરપાલિકાની શંકાસ્પદ ઢીલી નીતિ...!

જામનગર મનપાએ આપેલી જમીન, ઈમલો સહિતનો કબજો લઈ નુકસાનીનું વળતર વસૂલવાની તાકીદે કાર્યવાહી કરવા માંગણી

જામનગર તા. ૩૦: જામનગરમાં વેસ્ટ ટુ એનર્જી કંપનીએ એપ્રિલ-૨૦૨૫ થી કામગીરી બંધ કરી દીધી છે. મનપા તંત્ર માત્ર નોટીસો આપ્યે રાખે છે અને નોટીસમાં દર્શાવેલી સમયમર્યાદા પૂર્ણ થઈ જવા છતાં જામનગર મહાનગરપાલિકા દ્વારા કંપની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં શંકાસ્પદરીતે ઢીલી નીતિ અપનાવી રહ્યું હોવાનું જણાવી આ કંપનીને આપેલી જમીન, ઈમલો સહિતનો તાકીદે કબજો લઈ નુકસાનીનું વળતર વસૂલ કરવા ન.પા.શિ. સમિતિના સદસ્ય નીતિનભાઈ માડમે રજૂઆત કરી છે.

જામનગર મહાનગરપાલિકાએ આપેલી ૧૭ એકરની વિશાળ જમીન પર વેસ્ટ ટુ એનર્જી કંપનીએ ૨૦૨૧ થી કચરો બાળીને વીજળી પેદા કરવાનું અને વીજળી સરકારને વેંચાતી આપવાનું શરૂ કર્યું હતું.

પણ... કોઈપણ જાતની જાણ કર્યા વગર આ કંપનીએ અચાનક જ એપ્રિલ ૨૦૨૫ થી કામકાજ બંધ કરી દીધું છે. આથી મનપા તંત્રએ કરાર રદ્દ કરી જમીન, ઈમલોનો કબજો સોંપવા ૧૫ દિવસ સુધીની નોટીસ આપી હતી.

આ નોટીસની સમય અવધિ પૂરી થઈ ગઈ હોવા છતાં કંપની સામે શા માટે કોઈપણ પ્રકારની નોટીસમાં દર્શાવ્યા પ્રમાણેની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવતી નથી...?

કંપનીને બબ્બે-ત્રણ ત્રણ નોટીસો આપવામાં આવી છે.

આ કંપની સામે ગુજરાત ઈલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશનમાં ચાલતી પીટીશનમાં પણ મહાનગરપાલિકા પક્ષકાર છે, જેથી મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી કાર્યવાહીની જાણ કમિશનરને કરવાની હોય છે. તેમાં પણ વિલંબ થઈ રહ્યો હોવાનું જાણવા મળે છે.

વેસ્ટ ટુ એનર્જી કંપનીએ કરારભંગ કરી કામગીરી બંધ કરી દેતા જામનગર મહાનગરપાલિકાની તિજોરી ઉપર પણ જંગી ખર્ચનો બોજો આવી રહ્યો છે.

જામનગરમાં નાના-મધ્યમ વર્ગના લોકોની મિલકતો સીલ કરતા, વાહનો-રેકડીઓ જપ્ત કરતા અને વેપારીઓ પાસેથી કોઈને કોઈ બહાને સ્થળ ઉપર જ દંડ વસૂલતા તંત્ર વેસ્ટ ટુ એનર્જી કંપની સામે શા માટે કડક કાર્યવાહી કરવામાં ઢીલ વર્તી રહ્યું છે...?

નવનિયુક્ત એસપીએ આગેવાનો સાથે કરી બેઠક:

સલાયા મરીન પોલીસ સ્ટેશનનું ઈન્સ્પેક્શન

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા મરીન પોલીસ સ્ટેશનમાં નવનિયુક્ત જિલ્લા પોલીસવડા જયરાજસિંહ વાળા ઈન્સ્પેક્શન માટે આવ્યા હતા. તેઓએ ગ્રામજનો-આગેવાનો સાથે બેઠક યોજી ગામની પરિસ્થિતિ વિશે માહિતી મેળવી હતી. વેપારી મંડળ તેમજ અન્ય આગેવાનો દ્વારા શાલ ઓઢાડી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વેપારી મંડળના પ્રમુખ અને પત્રકાર ભરત લાલ, મુસ્લિમ ભડેલા જમાતના પ્રમુખ ગફાર કેર, તાલુકા પંચાયત સદસ્ય ઘેલુભા જાડેજા, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ ભટ્ટ, પ્રભારી પરેશભાઈ કાનાણી, અગ્રણી વહાણવટી તબરેજભાઈ સંઘાર, મોહનભાઈ વ્યાસ, ન.પા.ના સદસ્ય ઈરફાન ભાયા, ભગુભા જાડેજા વગેરે આગેવાનો હાજર રહ્યા હતા.

રૂા.૧.૨૦ લાખના ચેકની રિટર્નની હતી ફરિયાદ:

ચેક પરતના કેસમાં એક વર્ષની કેદ-દંડ

જામનગર તા. ૩૦: જામનગરના એક આસામી સામે રૂા.૧ લાખ ૨૦ હજારના ચેક પરતની પેઢી દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. અદાલતે આ આસામીને એક વર્ષની કેદ અને ચેકની રકમનો દંડ ફટકાર્યો છે.

જામનગરની શિવ એન્ટરપ્રાઈઝ નામની પેઢી પાસેથી નિખીલ મુકેશભાઈથી ગોસ્વામી નામના આસામીએ રૂા.૧ લાખ ૨૦ હજારની લોન મેળવી હતી. તેની પરત ચૂકવણી માટે અપાયેલો ચેક પરત ફરતા પેઢીવાળા નરેન્દ્ર નાગાલાલ ગંઢાએ નોટીસ પાઠવ્યા પછી અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોક્ત કેસ ચાલી જતા આરોપી નિખીલ મુકેશભાઈથીને તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદ તથા ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ ત્રણ મહિનાની સજા આપવામાં આવી છે. પેઢી તરફથી વકીલ ભગીરથસિંહ એલ. ઝાલા, કલ્પેન રાજાણી રોકાયા હતા.

રૂા.૮૦ હજારના બોકડા ઉઠાવી જનારના સગડ દબાવાયા:

ધ્રોલના મોટા વાગુદળમાં પશુપાલકના વાડામાંથી આઠ બોકડાની થઈ ચોરી

જામનગર તા. ૩૦: ધ્રોલના મોટા વાગુદળ ગામમાં રહેતા અને પશુપાલનનું કામ કરતા એક ભરવાડ આસામીના વાડામાંથી સોમવારની રાત્રે આઠ બોકડાની ચોરી થઈ છે. પોલીસે રૂા.૮૦ હજારના બોકડા ચોરી જનાર શખ્સના સગડ દબાવ્યા છે.

ધ્રોલ તાલુકાના મોટા વાગુદળ ગામમાં વસવાટ કરતા અને પશુપાલનનો વ્યવસાય કરતા ડાયાભાઈ પોલાભાઈ લાંબરીયા નામના ભરવાડ આસામીના ઘરની પાછળ તેઓએ વાડો બનાવી તેમાં પોતાના બોકડા બાંધ્યા હતા. તે વાઘમાંથી ગયા સોમવારની રાત્રિથી મંગળવારની સવાર સુધીમાં કોઈ શખ્સ આઠ બોકડા ચોરી ગયો છે. બીજા દિવસે સવારે તેની જાણ થતાં ડાયાભાઈએ પોતાના બોકડાની શોધખોળ કરી હતી. તેમ છતાં પત્તો નહીં લાગતા આખરે તેઓએ રૂા.૮૦ હજારના બોકડા ચોરી જવા અંગે અજાણ્યા શખ્સ સામે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવાયા

રાજકોટ તા. ૩૦: પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે રાજકોટ-લાલકુઆં સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા (વિશેષ ભાડા પર) લંબાવવામાં આવ્યા છે. જેમાં ટ્રેન સંખ્યા ૦૫૦૪૬/૦૫૦૪૫ રાજકોટ-લાલકુઆં ફેસ્ટિવલ સ્પેશિયલ (સાપ્તાહિક) (૬-૬ ફેરા) ટ્રેન સંખ્યા ૦૫૦૪૬ રાજકોટ-લાલકુઆં સ્પેશિયલને ૮ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ અને ત્યારપછી આગળ ૧૩ ઓક્ટોબરથી ૩ નવેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે ટ્રેન સંખ્યા ૦૫૦૪૫ લાલકુઆં-રાજકોટ સ્પેશિયલને ૭ સપ્ટેમ્બરથી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ અને ત્યારપછી આગળ ૧૨ ઓક્ટોબરથી ૨ નવેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

:: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને આ જાહેર નોટીસથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયના જામનગર જિલ્લા તાલુકાનાં ગામ : અલિયા ખાતે આવેલ રે.સ.નં. ૧૫૭/પૈકી, ૧૫૮ તથા ૧૫૯ વાળી રહેણાંકના હેતુસર બીનખેતી થયેલ જગ્યામાં આવેલ પ્લોટ નં. ૪૭ જેનું ક્ષેત્રફળ ૫૬૦.૧૯ ચો.મી. થાય છે. જેના ચો.ફૂટ ૬૦૩૦.૦૦ થાય છે. તે જગ્યા અબ્દુલસમત ફારૂકભાઈ ખંભાળીયાવાળાએ રજી. વેંચાણ દસ્તાવેજ અનુ.નં. ૬૦૬૨, તા. ૦૮/૦૯/૨૦૨૨ થી ખરીદ કરેલ છે. ઉપરોક્ત જગ્યા અમારી માલિકી તથા કબજા ભોગવટાની આવેલ છે. તે વેંચાણ કરવા સોદો કરેલ છે. આ વેંચાણ વ્યવહાર સામે કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, સરકારી કે અર્ધ-સરકારી કચેરી, બેંક કે ફાઈનાન્સ કંપનીઓને કોઈપણ જાતનો વાંધો તકરાર હોય કે આ જગ્યા પરત્વે અન્ય કોઈનું લેણું, કરજ, બોજો કે લીયન હકક હિસ્સો, હિત, સંબંધ, લાગ-ભાગ કે દર-દાવો કે વાંધો તકરાર હોય તો આ નોટીસ પસિદ્ધ થયેથી દિવસ ૮ (આઠ) માં લેખિત આધાર પુરાવા સાથે અમારી ઓફિસે લેખિત આધાર પુરાવા સાથે રજુઆત કરવી. જો નિયત મુદતમાં કોઈપણ વાંધો લેવામાં નહી આવે તો કોઈને કોઈ વાંધો તકરાર નથી અથવા હોય તો પણ તે જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ શુદ્ધ-બુદ્ધિના ખરીદનાર તરીકે આ જગ્યાનો પોતાના જોગનો વેંચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. ત્યારબાદ લેવામાં આવનાર કોઈ વાંધો તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. તેની આ જાહેર નોટીસથી સર્વેએ નોંધ લેવી.

તા.૩૦-૦૮-૨૦૨૫ ધર્મેન્દ્ર આર. ઉપાધ્યાય - એડવોકેટ
અમારા અસીલની સૂચનાથી...
:: અમારા મારફત ::
ધર્મેન્દ્ર આર. ઉપાધ્યાય - એડવોકેટ
ઓફિસ: ૧૦૫, માધવ દર્શન કોમ્પ્લેક્ષ, ક્રિકેટ બંગલો સામે, જામનગર - ૩૬૦૦૦૧ - મો. ૯૩૭૭૯ ૪૦૧૦૨

પાંચ દિવસમાં તાપમાનનો પારો ૪.૧ ડીગ્રી ઊંચકાયો:

જામનગરમાં મહત્તમ તાપમાન ૩૨.૫ ડીગ્રી

જામનગર તા. ૩૦: જામનગરમાં હાલ તાપમાનમાં વધારાનો દોર ચાલી રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં મહત્તમ તાપમાનનો પારો ધીમે ધીમે ૪.૧ ડીગ્રી સુધી ઊંચકાયને ૩૨.૬ ડીગ્રીએ પહોંચી ગયો છે. તાપમાનમાં થયેલા વધારાના પગલે ખાસ કરીને બપોરના સમયે હાલ ગરમીનો અનુભવ રહ્યો છે.

નગરમાં છેલ્લા ત્રણ દિવસમાં કોઈ વધારા કે ઘટાડા વગર લઘુતમ તાપમાનનો પારો ૨૬ ડીગ્રીએ સ્થિર રહ્યો છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૭ ટકા રહ્યું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૧૫ થી ૨૦ કિ.મી.ની

ચોરાઉ બે બેટરી કબજે કરતી પોલીસ:

કાલાવડના કુંભનાથપરામાં બે ટ્રકમાંથી બેટરી ચોરનાર મીઠી વિરડીનો શખ્સ ઝબ્બે

જામનગર તા. ૩૦: કાલાવડમાં કુંભનાથપરામાં રાખવામાં આવેલા બે ટ્રકમાંથી થયેલી બેટરી ચોરીનો ભેદ પોલીસે ઉકેલી મીઠી વિરડીના શખ્સની ધરપકડ કરી છે. કાલાવડના એક આસામીએ થોડા દિવસ પહેલાં ખુલ્લા પ્લોટમાં પોતાના બે ટ્રક રખાવ્યા હતા. તે બંને ટ્રકમાંથી બેટરી ચોરાઈ ગઈ હતી. આ બાબતની પોલીસમાં ફરિયાદ થયા પછી કાલાવડ શહેર પોલીસે શરૂ કરેલી તપાસમાં કાલાવડના મીઠી વિરડી ગામના વાસુભાઈ અશ્વિનભાઈ સીતાપરા નામના શખ્સની બે ચોરાઉ બેટરી સાથે કાલાવડ જીઆઈડીસી નજીકથી અટકાયત કરવામાં આવી છે.

નોટીસમાં સુધારો

તારીખ ૨૯-૦૮-૨૫ના એડવોકેટ વી.એલ. માનસાતાની જાહેર નોટીસમાં મન-રજીસ્ટર્ડની જગ્યાએ અનરજીસ્ટર્ડ છે તેમ નોટીસમાં વાંચવું

:: જાહેર નોટીસ ::

આથી આ નોટીસથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ગામ : મિઠોઈના બિનખેતી રેવન્યુ સર્વે નંબર: ૫૫ તથા ૫૬ વાળી જગ્યાના પ્લોટ નં. ૯ પૈકી, ચોરસ મીટર: ૩૪૫,૨૭ વાળો પ્લોટ **જયેશભાઈ મુળજીભાઈ ચોપડા**ના સ્વતંત્ર કબ્જા-ભોગવટા તથા માલિકીનો આવેલ છે. અને તેઓ પાસેથી મારા અસીલએ સદર પ્લોટ સંબંધે કોઈપણ વિવાદ અસ્તિત્વમાં ન હોવાની શરતે તથા ટાઈટલ ક્લીયર શરતે ખરીદ કરવા સોદો કરેલ છે અને તેઓ પાસેથી સદર પ્લોટના ઉત્તરોત્તરના માલિકી હક્ક દર્શાવતા દસ્તાવેજો પૈકી નીચે મુજબના દસ્તાવેજો પ્લોટના હાલના માલિકો પાસેથી ખોવાઈ ગયેલ છે જે ઘણી શોધખોળ કરતા મળી આવેલ નથી.

(૧) રંજનબેન પ્રવીણભાઈ ઈડરીયા જોગ કોકીલાબેન રમેશભાઈ મહેતાએ વેંચાણ દસ્તાવેજ નં. ૯૮૮, તા. ૧૦/૦૮/૨૦૦૬ના રોજ નો વેંચાણ દસ્તાવેજ તથા તે સંબંધેની રજીસ્ટ્રેશન પહોંચ અસલ.

(૨) યજુવેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ જાડેજા જોગ રંજનબેન પ્રવીણભાઈ ઈડરીયાએ વેંચાણ દસ્તાવેજ નં. ૭૭૭, તા. ૧૦/૦૬/૨૦૧૪ના રોજ નો વેંચાણ દસ્તાવેજ તથા તે સંબંધેની રજીસ્ટ્રેશન પહોંચ અસલ.

(૩) પ્લોટના હાલના માલિક જયેશભાઈ મુળજીભાઈ ચોપડા જોગ યજુવેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ જાડેજાએ વેંચાણ દસ્તાવેજ નં. ૧૮૧૬, તા. ૦૬/૧૨/૨૦૧૭ના રોજ નો વેંચાણ દસ્તાવેજ તથા તે સંબંધેની રજીસ્ટ્રેશન પહોંચ અસલ,

વાસ્તે ઉપરોક્ત પ્લોટ કે કાગળો / દસ્તાવેજો સંબંધે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, કુટુંબી કે અન્ય કોઈપણનો ઉપરોક્ત પ્લોટમાં માલિકી, કબ્જો કે કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, લાગભાગ, હિત, સંબંધ, અગ્રહકક કે અન્ય કોઈપણ પ્રકારના વાંધા, તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૭ માં નીચેના સરનામે તમામ લેખિત આધાર-પૂરાવા સાથે જાણ કરવી અન્યથા કોઈપણના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર નથી અને હોય તો તે જતા (વેઈવ) કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

જામનગર
તા. ૩૦-૦૮-૨૦૨૫ શૈલેષ દલસુખલાલ મહેતા - એડવોકેટ-નોટરી
અસીલની સૂચનાથી
:: અમારા મારફત ::
શૈલેષ દલસુખલાલ મહેતા - એડવોકેટ - નોટરી
જય, પૂજ્ય ધનકુંવરબા સ્વામી સંકુલ, પ્રતાપવિલાસ પેલેસ પાસે, જામનગર :: મો. ૯૮૨૪૨ ૧૨૬૭૮

પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ

વધુ પડતી વિદ્યુત સંપત્તિઓનું ફેરબદલ, રિફિલિંગ, હાઇડ્રોલિક પરીક્ષણ, જાળવણી અને સ્પેરપાર્ટ્સની ફેરબદલ અને રેટ્રોફિટ ઉત્સર્જન નિયંત્રણ ઉપકરણની જોગવાઈ

ટેન્ડર સૂચના નં. DRM/RJT/E-Tender/2025-2026/21, 22 & 23 (EL) Dt. 28.08.2025; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઇલેક્ટ્રિકલ), 'વેસ્ટર્ન રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; વેબસાઇટ વિગતો: "www.ireps.gov.in"

ક્ર. નં.	ટેન્ડર નંબર	કાર્યનું નામ	અંદાજે ખર્ચ	EMD ખર્ચ
1	DRM/RJT/EL/2025-2026/21	રાજકોટ મંડળ - ઉંમરઅને સ્થિતિના આધારે જૂના વિદ્યુત ઉપકરણોની ફેરબદલી.	₹ 1,97,39,554.62/-	₹ 2,48,700/-
2	DRM/RJT/EL/2025-2026/22	રાજકોટ મંડળ- રાજકોટ વિદ્યુત વિભાગના વિવિધ સ્થળોએ સ્થાપિત અગ્નિશામકઉપકરણોના રિફિલિંગ, હાઇડ્રોલિક પરીક્ષણ, જાળવણી અને રિપ્લેસમેન્ટ (2 વર્ષ માટે).	₹ 6,65,563.86/-	₹ 13,300/-
3	DRM/RJT/EL/2025-2026/23	રાજકોટ મંડળ:- રાજકોટ વિભાગના ડીઝલ જનરેટર સેટમાં રેટ્રોફિટ એમિશન કંટ્રોલ ડિવાઇસ (RECD) ની જોગવાઈ.	₹ 25,63,760/-	₹ 51,300/-

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય: 29.09.2025 ના રોજ 15:00 કલાક સુધી
RJT 108
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly